# માંડવી નગરપાલિકા વિસ્તારને સ્લમ ફ્રી બનાવાશે

**માંડવી** નગરપાલિકાનું ૩.૪૯.૮૯ કરોડની આવક-જાવક દર્શાવતું ૩.૧.૬૯ કરોડની પુરાંતવાળું બજેટ સર્વાનુમતે પસાર



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી નગરપાલિકા સને ૨૦૨૫-૨૬નું કુલ રૂ.૪૯.૮૯ કરોડની આવક-જાવક દર્શાવતું રૂ.૧.૬૯ કરોડની પુરાંત દર્શાવતું બજેટ સર્વાનમુતે પસાર કરવામાં આવ્યું હતું.

માંડવી નગરપાલિકાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવનમાં સામાન્ય સભાની મળેલી મિટિંગમાં સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટેનું અંદાજપત્ર માંડવી પાલિકાના પ્રમુખશ નિમેષ એચ. શાહ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં આવક વિભાગમાં કરવેરાની આવક રૂ.૩.01 કરોડ, અન્ય ફી રૂ.૦.૭૦ કરોડ, મિલકતોની આવક રૂ.૧.૧૬ કરોડ, મહેસૂલી આવક રૂ.૨.૧૨ કરોડ, યોજનાકીય ગ્રાંટની આવક રૂ.૨૦.૬૫ કરોડ જેવા વિવિધ આવકના હેડ મળી કુલ ૩૦.૯૪ કરોડની આવક રજૂ કરી હતી. તથા જાવક વિભાગમાં સામાન્ય વહીવટી ખર્ચ રૂ.૩.૦૫ કરોડ, પાણી પુરવઠા વિભાગ રૂ.૧.૭૯ કરોડ, ગટર વિભાગ રૂ.૦.૪૨ કરોડ, આરોગ્ય વિભાગ રૂ.૩.૧૩ કરોડ, રોશની વિભાગમાં રૂ.૦.૩૩ કરોડ, બાંધકામ વિભાગમાં રૂ.૨.૭૫ કરોડ, બાગ તથા બગીચા વિભાગ રૂ.૦.૨૬ કરોડ, સમાજ કલ્યાણ ૦.૬૦ કરોડ, યોજનાકીય તથા અન્ય ગ્રાંટમાં રૂ.૩૧.૮૯ કરોડ તથા દેવા વિભાગ માં રૂ.૧.૫૮ કરોડ જેવા વિવિધ ખર્ચના હેડ મળી કુલ રૂ.૪૮.૨૦ કરોડની જાવક (ખર્ચ) રજૂ કરી હતી.

આ બજેટમાં નગરપાલિકા વિસ્તારના વિકાસનાં કામો પેટે સરકારની ગ્રાંટ, ૧૫મા નાણાંપંચની ગ્રાંટ, ૧૬મા નાણાંપંચની ગ્રાંટ, તાપી રિવર ફ્રન્ટ (ફેઝ-૨)યોજના, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી. યોજના હેઠળની ગ્રાંટમાંથી, રસ્તા, પાણી, ભૂગર્ભ ગટર, વરસાદી ગટર, લાઈટને લગતી વિવિધ યોજનાનાં મુખ્યત્વે કામો હેઠળની જોગવાઈ નક્કી કરવામાં આવી છે. સરકારની અમૃત યોજના (૨.૦)ની ગ્રાટમાંથી પાણી પુરવઠા લગતી યોજના તેમજ ગટર કનેક્શન વિહોણા લોકો માટે ગટર કનેક્શન પૂરું પાડવાની મહત્ત્વની જોગવાઈ કરી છે. ઉપરાંત વિવેકાધીન યોજના, પાણી ગટર તથા રસ્તા અંગેના મરામત અંગે, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન જેવાં વિવિધ કામો અન્વયે પણ નાણાંકીય જોગવાઈ નક્કી કરવામાં આવી હતી. ઉપરાંત મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ રસ્તા તેમજ સ્લમ ફ્રી માંડવી નગરપાલિકા બનાવવા તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ડમ્પિંગ સાઈડનું ડેવલપમેન્ટનું કામ નક્કી કરવામાં આવ્યું છે. તેમજ માંડવી નગરપાલિકા વિસ્તારમાં નવી લાઈબ્રેરી માટે SJMMSVY-આગવી ઓળખ હેઠળ ૧.૫૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ બજેટમાં કુલ ૩૦.૯૪ કરોડની આવક તથા ૧૮,૯૫ કરોડની ઉઘડતી સિલકની આવક બાજુ તેમજ રૂ.૪૮.૨૦ કરોડની જાવક તથા રૂ. ૧.૬૮ કરોડની બંધ થતી સિલક (પુરાંત બાકી) મળી કુલ રૂ.૪૯.૮૯ કરોડનું બજેટ માંડવી નગરપાલિકાના તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.



# ભરૂચમાં શુક્લતીર્થ રોડ ઉપર નશાબાજ ટ્રકચાલકે કારને અડફેટે લઇ 25 ફૂટ ઘસડી

**કારચાલકનો** અદભૂત બચાવ, ટોળાએ ટ્રકચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો

ભરૂચઃ ભરૂચમાં રેતી ભરેલી ટ્રકના ચાલકે કારને અડફેટમાં લેતાં કાર 20થી 25 ફૂટ ઘસડાતાં જોરદાર અકસ્માત સર્જાયો હતો. જો કે, કારચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો. આ ઘટનાને પગલે લોકોનાં ટોળું ભેગું થઇ ગયું હતું અને ટ્રકચાલક નશાખોર હોવાથી તેને મેથીપાક ચખાડ્યો હતો. ભરૂચથી નિકોરા જતાં દિલીપસિંહ રાજની કારને શુકલતીર્થ રોડ પર એક ટ્રકચાલકે જોરદાર અડફેટે લેતા લગભગ 20થી 25 ફુટ સુધી કારને ઘસડી ગયો હતો. જો કે, દિલીપસિંહનો આબાદ બચાવ થયો હતો. ઘટનાના પગલે લોકટોળા ભેગા થયા હતા અને ટ્રકચાલક નશામાં હોવાનો અને ઓવરલોડ ટ્રક હોવાના આક્ષેપ સાથે તેને મેથીપાક ચખાડ્યો હતો.અત્રે એ વાતનો ઉલ્લેખ કરવો રહ્યો કે, આ વિસ્તારમાં રેતીખનન સાથે જોડાયેલા લોકોથી સ્થાનિકો ત્રસ્ત થવાની સમયાંતરે બૂમો ઊઠતી રહે છે. ત્યારે તંત્ર આવા બેજવાબદાર ચાલકો અને તેમના માલિકો સામે કડક કાર્યવાહી કરે તે આવશ્યક છે.



પ્રવીણ તેરૈયા

# અંકલેશ્વરના અડોલના ખેડૂતે જમીનના એવોર્ડ મુદ્દે એક્સપ્રેસ-વેનું કામ અટકાવતાં હોબાળો

**સરકારે** માપણીમાં ભૂલ કરી હોવાના આક્ષેપ સાથે ખેડૂતના પરિજનોએ માટીપુરાણનું કામ અટકાવી દીધું

**મામલતદાર** અને પોલીસ સ્ટાફે તાબડતોબ પહોંચી મામલો થાળે પાડવાના પ્રયત્ન કર્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના અડોલ ગામની સીમમાં એક જમીનના ખેડૂતે પોતાની સંપાદિત થયેલ જમીનની ખોટી માપણી થઇ હોય અને પોતાને હજુ સુધી એવોર્ડ જાહેર ન કરાયો હોવા બાબતે આજે એક્સપ્રેસ વે માટે થતા માટીપુરાણના કામને અટકાવી દીધું હતું. આ પરિસ્થિતિને ટાળવા અંકલેશ્વર મામલતદાર સહિત પોલીસ ટુકડી સ્થળ ઉપર તહેનાત થઈ ગઈ હતી.

અંકલેશ્વર પંથકમાં નિર્માણ પામી રહેલા એક્સપ્રેસ વે માટે સંપાદિત ખેડૂતોની જમીનો માટે હજુય સરકાર દ્વારા નાણાં ચૂકવાયા નથી, તેવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આજરોજ અંકલેશ્વર તાલુકાના અડોલ ગામના ખેડૂત કાલિદાસ જેસંગ પટેલના પરિવારજનોએ એક્સપ્રેસ વે માટે થતા માટીપુરાણના કામને અટકાવી દીધું હતું.

આ અંગેની જાણ થતા અંકલેશ્વર મામલતદાર ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમની સાથે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને માટી પુરાણ કામકાજ શરૂ કરાવવાના પ્રયત્નો આદર્યા હતા.

ખેડૂત તરફે ઘટના સ્થળે આવેલા વકીલ અને ખેડૂતના પરિવારજનોએ જ્યાં સુધી તેમને તેમની જમીનનો પુરતો એવોર્ડ જાહેર ના થાય ત્યાં સુધી કામકાજ કરવા દઈશું નહીં તેમ મક્કમતાથી જણાવ્યું હતું.

બીજીતરફ અંકલેશ્વર મામલતદારે પણ ખેડૂતના પરિવારજનોને તેમની જમીનના દસ્તાવેજોમાં જરૂરી પુર્તતા કરવા આગ્રહ કર્યો હતો. મોડે સુધી આ અંગે મથામણો ચાલી હતી. ખેડૂત પરિવારજનોના મતે તેમની જમીનના કેટલાક ભાગની માપણીમાં સરકાર તરફે ભુલ કરાઈ છે, જેને પગલે તેમને સંપાદિત જમીનમાં ઓછો એવોર્ડ જાહેર થયો છે, તે ક્ષત્તિ દૂર કરી યોગ્ય નુકસાની વળતર ચૂકવાય એવી તેમણે માંગ કરી છે.

# જૂની અંતુર્લીમાંથી ગેરકાયદે રેતીખનન માટે ઉતારાયેલી પાંચ નાવડી ઝડપાઈ

**રોયલ્ટી** તસ્કરી સાથેની એક ટ્રક પણ સીઝડ કરવામાં આવી

**ઉચ્છલ,** કુકરમુંડા અને નિઝરના મામલતદારો સાથે મળી કુલ ૪ ટીમ બનાવી તપાસ કરાઈ



વ્યારાઃ નિઝર પ્રાંત અધિકારીએ ગત તા.૬/૨/૨૦૨૫ના રોજ રોજ ઉચ્છલ, કુકરમુંડા અને નિઝરના મામલતદાર સાથે મળી કુલ ૪ ટીમ સાથે સંયુક્ત રીતે તાપી નદીના નિઝર અને કુકરમુંડાના તાપી નદીના પટ વિસ્તારમાં અલગ-અલગ રેતીની લીઝો ઉપર ચેકિંગ હાથ ધર્યુ હતું. રેતી ઉલેચનારાની નાવડીઓ એક કિનારેથી બીજા કિનારે રેતી ઉલેચી રહી હતી. પરંતુ અહીં ગેરકાયદે રેતીખનન મળ્યું નથી. વેલ્દા, ચોરગાંવ, વાંકા, અંતુર્લી, કોટલી સહિત ૭ જેટલી લીઝો ઉપર સામૂહિક રીતે ચેકિંગ ધરવામાં આવ્યું હતું. જેમાં જૂની અંતુર્લીમાંથી બિન અધિકૃત રેતીખનન માટે ઉતારેલી ૫ નાવડી ઝડપાઇ ગઈ હતી. રોયલ્ટી તસ્કરી કરતી એક ટ્રક પણ અહીં સિઝ્ડ કરવામાં આવી છે.

નિઝર-કુકરમુંડાની તપાસમાં તાપી નદીમાં પડેલી હોડીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે, પણ નંદાદેવી ખાતે તાપી નદીમાં પડેલી મહાકાય બોટ (ડ્રેજર) કે જે ઉકાઇ ડેમની સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત જોખમી ગણાય છે, તેની મામલતદારની એક ટીમે નોંધ તો લીધી પણ તેને કબજે કરવા કે બિન અધિકૃત રીતે તાપી નદીમાં રેતી ઉલેચવાના ઈરાદે વગર પરવાનગીએ છેલ્લા એક માસથી રાખી મૂકેલા આ ડ્રેજર કે ડ્રેજર માલિક સામે કોઇ કાર્યવાહી કરી નથી. મુખ્યમંત્રીનાં જિલ્લામાં આગમન વેળાએ પણ ડ્રેજરને લઈ તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. પણ વહીવટી તંત્રની કહેવાતી તટસ્થ કાર્યવાહી વચ્ચે હજુ સુધી મહાકાય ડ્રેજર સામે કોઇ કાર્યવાહી થતી જોવા મળી નથી. કહેવાય છે કે, થોડાક દિવસો સુધી આ ડ્રેજરથી તાપી નદીમાં બિન અધિકૃત રેતી પણ ઉલેચવામાં આવી હતી. જેની સામે ભૂસ્તરે પણ હજુ સુધી કોઇ પગલાં ભર્યા નથી.

નિઝરમાં પ્રાંત અધિકારી તાપી નદીમાંથી રેતી ઉલેચનારા-લિઝધારકોની બિન અધિકૃત પર વોચ ગોઠવી સતત ચેકિંગ ધરી ઉપરા છાપરી નાવડીઓ સહિત રેતી ઉલેચવા વપરાતી સામગ્રી કબજે કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી બિન અધિકૃત રેતી ઉલેચનારા અને રોયલ્ટી વગરની રેતી આપનારા લીઝધારકો કે બિન અધિકૃત રેતીખનન કરનારાઓ સામે કોઇ ફોજદારી કાર્યવાહી થઈ નથી. તાપી જિલ્લા ભૂસ્તર વિભાગ પણ રેતી તસ્કરો સામે નતમસ્તક દેખાયા છે. માત્ર દંડ ભરતાં જ ટ્રક સહિતનો મુદ્દામાલ છૂટી જતો હોવાથી રેતી માફિયાઓ પર તંત્રની કોઇ ધાક દેખાતી નથી. જેથી તંત્ર દ્વારા પણ રેતી માફિયાઓની બિન અધિકૃત પ્રવૃત્તિ પર કોઇ અંકુશ મૂકી શકાતો નથી. પ્રાંત અધિકારી જેવી નક્કર કાર્યવાહી સ્થાનિક ભૂસ્તરની ટીમ હાથ ધરે તો રોયલ્ટી ચોરી અટકતા સરકારી તિજોરી ચલણી નોટોથી છલકાઇ ઊઠે. પરંતુ હજુ સુધી આવી કોઇ નક્કર કાર્યવાહી નિઝર-કુકરમુંડા મામલે જોવા મળી નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વર રેલવે કન્ટેનર યાર્ડ નજીક કચરામાં આગ લાગી



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરમાં મહાવીર ટર્નિંગ પાસે આવેલા રેલવે કન્ટેનર યાર્ડની બહાર કચરા અને સૂકા ઘાસમાં અચાનક આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાયા હતા. શુક્રવારે બનેલી ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.અત્રે ઉલ્લેખનીય એ છે કે, અંકલેશ્વરમાંથી કેમિકલ સહિતની વિવિધ ચીજવસ્તુઓની નિકાસ આ કન્ટેનર મારફતે કરવામાં આવે છે. વળી, ઘટના સ્થળની નજીકમાંથી રેલવેલાઈન પણ પસાર થાય છે. જો સમયસર આગ પર કાબૂ ન મેળવાયો હોત તો મોટી દુર્ઘટના સર્જવાની શક્યતા હતી. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં રાહત અનુભવી હતી. આ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

### વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયમાં વાર્ષિક ઇનામ વિતરણ સમારંભ



સલીમ દિવાન

ભોરિયાઃ વલવાડાની શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયમાં વાર્ષિક ઇનામ વિતરણનું આયોજન ચંદ્રકાંતભાઈ પટેલ (યુ.એસ.એ.)ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. વર્ષ 2023-24ની વાર્ષિક પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર કે.જી.થી ધો-12 સુધીના તેજસ્વી તારલાઓને મહેમાનોના હસ્તે ઇનામ અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરાયા હતા. કેળવણી મંડળના પ્રમુખ સતીષભાઈ પટેલે મહેમાનોને આવકાર આપ્યો હતો. આ સમારંભમાં દાતા શંકરભાઈ પટેલ (ન્યૂઝીલેન્ડ) દ્વારા શાળાના વિકાસ માટે એક લાખના માતબર દાનની જાહેરાત કરાઈ હતી. ચંદ્રકાંતભાઈ પટેલ દ્વારા શાળા માટે દાનની જાહેરાત થઈ હતી. આ સમારંભમાં રમણભાઈ બી.પટેલ (યુ.એસ.એ), ભરતભાઈ પટેલ (યુ.એસ.એ.), ભીખુભાઈ પટેલ (યુ.એસ.એ.), વલવાડા ગામના ઇનચાર્જ સરપંચ ગીરીશભાઈ પટેલ, સંસ્થાના અગ્રણીઓ, શાળાના આચાર્ય નિલેશકુમાર પ્રજાપતિ અને અશોકભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

### ધી ઓલપાડ તાલુકા પ્રાઇમરી ટીચર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની કારોબારી સભા મળી

સાયણઃ ધી ઓલપાડ તાલુકા પ્રાઇમરી ટીચર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની કારોબારી સભા મંડળીના પ્રમુખ કિરીટભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને બી.આર.સી. ભવન, ઓલપાડ ખાતે મળી હતી. આ પ્રસંગે મંડળીના ઉપપ્રમુખ બળદેવભાઈ પટેલ સહિત તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મંડળીના મુખ્ય સેક્રેટરી મહેશભાઈ પટેલે સૌ કારોબારી સભ્યોને શાબ્દિક આવકાર આપી સભાની સંક્ષિપ્ત માહિતી આપી હતી. મંડળીના બીજા જોઈન્ટ સેક્રેટરી શશીકાંત પટેલે ગત સભાના એજન્ડાનું વાંચન કર્યુ હતું. જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાનેથી કિરીટભાઈ પટેલે આવનારા દિવસોમાં મંડળીના શતાબ્દી વર્ષની ઉજવણી તથા મંડળીનાં ભવનના નવીનીકરણ સંદર્ભે પ્રકાશ પાડ્યો હતો. અંતમાં મંડળીના જોઇન્ટ સેક્રેટરી ભરતભાઈ પટેલે આભારવિધિ આટોપી હતી.

### વાંકલ હાઈસ્કૂલમાં N.S.S.ની કાર્યશિબિર



વિનોદ મૈસુરીયા

વાંકલઃ વાંકલની શ્રી.એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે N.S.S. અંતર્ગત કાર્યશિબિરનું આયોજન કરાયું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે તા.પ્રાથમિક શિક્ષણાધિકારી વિરલભાઈ ચૌધરી, પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હિતેન્દ્રભાઇ ચૌધરી, તા.પં. આંબાવાડીનાં સભ્ય તૃપ્તિબેન મૈસુરીયા, તાલુકા પ્રાથમિક કચેરી, માંગરોળના વહીવટી સભ્ય એવા જિજ્ઞેશભાઈ, હરેશકાકા, આચાર્ય પારસકુમાર મોદી, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાયબર ગઠિયાઓની ડિજિટલ અરેસ્ટની ધમકીથી ભરૂચના વૃદ્ધ ગભરાઈ ગયા ને 30 લાખ ધરી દીધા

**538** કરોડના મની લોન્ડરિંગ કેસમાં વૃદ્ધનો મોબાઈલ નંબર સંડોવાયો હોવાની ધમકી આપી FD તોડાવીને પૈસા ટ્રાન્સફર કરી લીધા

ભરૂચઃ ભરૂચમાં સાયબર ક્રાઈમનો વધુ એક ગંભીર કિસ્સો બહાર આવ્યો છે. એક વૃદ્ધ વ્યક્તિ પાસેથી ડિજિટલ અરેસ્ટની ધમકી આપીને રૂ. 30 લાખની છેતરપિંડી કરવામાં આવી છે.

ભરૂચ શહેરના સિદ્ધનાથનગર સોસાયટીના રહેવાસી ભરતકુમાર કિશનાડવાલાને ગત 20મી ડિસેમ્બર-2024ના રોજ TRAI તરફથી હોવાનો દાવો કરતો ફોન આવ્યો હતો. ઠગોએ પહેલા રેકોર્ડેડ મેસેજ દ્વારા અને પછી રાહુલકુમાર નામના વ્યક્તિએ TRAI અધિકારી હોવાનો દાવો કરી, તેમનું સિમ કાર્ડ બંધ થવાની ધમકી આપી હતી. ત્યારબાદ પ્રદીપ સાવંત નામના વ્યક્તિએ મુંબઈ સાયબર ક્રાઈમ પોલીસ અધિકારી હોવાનો દાવો કરી રૂ. 538 કરોડના મની લોન્ડરિંગ કેસમાં તેમનો મોબાઈલ નંબર સંડોવાયેલો હોવાનું જણાવ્યું હતું.

એટલું જ નહીં, ઠગોએ ભરતકુમારને ડિજિટલ અરેસ્ટની ધમકી આપી તેમની પાસેથી રૂ. 30 લાખની FD તોડાવી, બેંક ઓફ મહારાષ્ટ્રના એકાઉન્ટમાં RTGS દ્વારા ટ્રાન્સફર કરાવી લીધા હતા. સમગ્ર મામલે વૃદ્ધે પોતાના સંબંધીઓ સાથે વાત કર્યા બાદ આ છેતરપિંડીની જાણ થતાં સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર તપાસ બાદ ભરૂચ સાયબર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.આ પ્રકારનો ગંભીર મામલો સાયબર ક્રાઈમના વધતા જતા ખતરા તરફ ધ્યાન દોરે છે અને લોકોને પણ સાયબર ઠગાઈથી સાવધાન રહેવા માટેની ચેતવણી આપતો આ કિસ્સો ભરૂચમાંથી સામે આવ્યો છે.



પ્રવીણ તેરૈયા

# અંકલેશ્વર નજીક હાઇવે ઉપર ફરી એકવાર વાહનોની લાંબી કતાર લાગી

**રોજિંદી** બની ગયેલી ટ્રાફિકજામની સમસ્યાથી હજારો વાહનચાલકો હેરાન

અંકલેશ્વરઃ ભરૂચ-અંકલેશ્વર નેશનલ હાઈવે પર શુક્રવારે પુનઃ એકવાર આમલાખાડીનો બ્રિજ જર્જરિત અને સાંકડો હોવાના કારણે 2થી 3 કિલોમીટર સુધીની વાહનોની લાઈનો જોવા મળી હતી.

છેલ્લા ઘણા સમયથી અંકલેશ્વરની મહાવીર ટર્નિંગ, પ્રતીન ચોકડી અને વાલિયા ચોકડી પાસે સાંજ-સવાર ટ્રાફિકજામનાં દશ્યો અવારનવાર જોવા મળી રહ્યાં છે. ત્યારે ભરૂચ-અંકલેશ્વર નેશનલ હાઈવે પર વાલિયા ચોકડી નજીક આવેલી આમલાખાડીનો બ્રિજ જર્જરિત હાલતમાં છે. સાથે જ આ બ્રિજ સાંકડો હોવાના કારણે વાહનો ધીમી ગતિએ પસાર થાય છે. જેના પગલે ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. તેવામાં શુક્રવારે ભરૂચથી સુરત જવાના ટ્રેક ઉપર પુનઃ એકવાર વાહનોની 2થી 3 કિલોમીટર લાંબી કતાર જોવા મળી હતી. ટ્રાફિકજામના પગલે અનેક વાહનચાલકો અટવાયા હતા. આમલાખાડીથી રાજપીપળા ચોકડી વચ્ચેની એક લેનમાં વાહનોની ક્તારો જોવા મળી હતી.

# અંકલેશ્વરના મીરાનગરમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, એકની ધરપકડ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના મીરા નગરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી જી.આઈ.ડી.સી. પોલીસે આરોપીની દહેજ પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી તપાસ હાથ ધરી હતી.૨૦૨૩માં અંકલેશ્વર સારંગપુર વિસ્તારમાં બંસીધર એપાર્ટમેન્ટ નાલંદા સ્કુલ પાસે મીરા નગરમાં તસ્કરોએ ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ ચોરી અંગે જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન દહેજ પોલીસે જોલવા ગામની ચોરીમાં સંડોવાયેલ અને દાહોદના લીમખેડા ગામના કંબોઈના શખ્સ કલ્પેશ બચુ પરમારને ઝડપી તેની પુછપરછ કરતા તેણે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના ચોરીના ગુનામાં સંડોવાયેલો હોવાની કબૂલાત કરી હતી. દહેજ પોલીસે જી.આઈ.ડી.સી. પોલીસનો સંપર્ક કરતા પોલીસે કલ્પેશ પરમારની ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**જાહેર નોટીસ - એચ. જે. સોલંકી, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ વ્યારાની કોર્ટમાં**

કેસ નં. ૨૫૭/૨૦૨૪

અરજદારઃ- લાલજીભાઈ ગુરજીભાઈ ગામીત, રહે. રહે. ખુરદી, તા. વ્યારા, જિ.તાપી

વિરૂધ્ધ

સામાવાળાઃ- રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, ખુરદી તા.વ્યારા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણ ની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત નંબરના કેસમાં રેવલીબેન કીકલાભાઈ ગામીતનું મરણ તા.૦૪/૦૬/૧૯૮૦ના રોજ મોજે.ખુરદી તા.વ્યારા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, ખુરદીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, ખુરદીને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા સંબંધિત ગ્રામપંચાયત કચેરી/નગરપાલિકા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૮/૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એચ.જે.સોલંકી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વ્યારા જિ.તાપી


Milano MULTIPLEX
બારડોલી
Badass Ravikumar
10:00am, 01:00pm, 10:00pm
Loveyapa -12:00pm,
03:00pm, 06:00pm, 09:00pm
Thandel
04:00pm, 07:00pm
Deva - 11:00am, 05:30pm
Umbarro - Gujarati
02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


# શુકલતીર્થ રોડ પર રેતી ભરેલા ડમ્પર અડફેટે મોપેડચાલક મહિલાનું મોત

**ઝાડેશ્વરની** મહિલા તવરાથી કામ પતાવી ઘરે આવી રહી હતી

ભરૂચઃ શુકલતીર્થ રોડ ડમ્પરે મોપેડને ટક્કર મારતા 53 વર્ષીય મહિલાનું કરુણ મોત નીપજ્યું હતું.

ગુરુવારે સમી સાંજે ઝાડેશ્વરની માનસનગર સોસાયટીમાં રહેતાં 53 વર્ષીય દીનાબેન કાચા પોતાના કામ અર્થે તવરા ગામે મોપેડ પર ગયા હતા. તેઓ કામ પૂરું કરીને ઘરે આવી રહ્યા હતા, એ વેળા નર્મદા કોલેજ પાસે રોડ પર એક ડમ્પર ચાલકે મોપેડને જોરદાર ટક્કર મારતા દીપાબેન રોડ પર ફંગોળાઈ ગયા હતા. ગંભીર ઈજા થતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આજુબાજુના લોકો દોડી આવતા ડ્રાઈવર ડમ્પર મુકીને ભાગી છૂટ્યો હતો. આ ઘટનાને લઈને શુકલતીર્થ રોડ પર ટ્રાફિકજામ થઇ ગયો હતો.